અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના મહેકમની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SJED/CFO/e-file/17/2022/0002/A Section
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૦/૧૨/૨૦૨૩

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૨/૦૧/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) અન્ય પછાત વર્ગો માટેનુ પંચનો તા.૦૨/૧૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંકઃ અપવ/પંચ/મકમ/૨૦૨૩/૮૦૭.

ઠરાવઃ-

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ આ વિભાગના તા.૧૨/૦૧/૨૦૨૩ ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના મહેકમની જગ્યાઓ તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવામાં આવેલ છે. જેની મુદત ટૂંક સમયમાં પૂર્ણ થનાર હોઇ, અન્ય પછાત વર્ગો માટેનું પંચના વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) ના તા.૦૨/૧૨/૨૦૨૩ ના પત્રથી પંચ ખાતેની જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાના અંતે, અન્ય પછાત વર્ગો માટેનું પંચ ગાંધીનગર ખાતેની નીચેના કોષ્ટકમાં દર્શાવેલ જગ્યાઓની મુદ્દત નિમ્નલિખિત શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી આથી લંબાવવામાં આવે છે. ક્રમ.૧૧ થી ૧૪ ની સામે દર્શાવેલ જગ્યાઓની કામગીરી આઉટસોર્સથી લેવાની રહેશે.

| અનુ. | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સચિવ | ૧(એક) |
| ૨ | પંચના અંગત સચિવ (અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧) | ૧(એક) |
| ૩ | કચેરી અધીક્ષક | ૧(એક) |
| ૪ | નાયબ સેક્શન અધિકારી | ૧(એક) |
| ૫ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૧(એક) |
| ૬ | સચિવશ્રીના અંગત સચિવ(ગુ.સ્ટે.-૨) | ૧(એક) |
| ૭ | સંશોધન મદદનીશ | ૨(બે) |
| ૮ | આંકડા મદદનીશ | ૬(છ) |
| ૯ | કારકુન | ૨(બે) |
| ૧૦ | ક્લાર્ક-કમ-ટાઇપીસ્ટ | ૧(એક) |
| ૧૧ | ડ્રાઇવર (જેમાં એક જગ્યા આઉટસોર્સથી) | ૨(બે) |
| ૧૨ | પટાવાળા (આઉટસોર્સ) | ૫(પાંચ) |
| ૧૩ | સંશોધન મદદનીશ (આઉટસોર્સ) | ૧(એક) |
| ૧૪ | રેકર્ડ કીપર (આઉટસોર્સ) | ૧(એક) |
| | કૂલઃ- | ૨૬(છવ્વીસ) |

શરતોઃ-

Signature Not Verified
Signed by: H R Doshi
Section Officer
Date: 2023.12.21
File No: SJED/CFO/e-file/17/2022/0002/A Section
Approved By: Deputy Secretary,A-1 Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૧) આ જગ્યાઓ અંગેનું ખર્ચ વર્ષ-૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં આ હેતુ માટેની ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યાઓ જે હેતુ માટે ઊભી કરવામાં આવેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૩) એક વર્ષ કરતાં વધુ પરંતુ ત્રણ વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી હોય તેવી જગ્યાઓને અબેયન્સમાં મૂકવાની રહેશે.

(૪) અબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાઓને ભરતાં પહેલાં નાણા વિભાગ (કરકસર પ્રભાગ) નો પરામર્શ કરવાનો રહેશે.

(૫) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાને રદ કરવાની રહેશે.

(૬) આ જગ્યાઓ જો ચાલુ રાખવી જરૂરી જણાય તો તે અંગેની વિગતવાર દરખાસ્ત ઉક્ત હંગામી જગ્યાઓની મુદત પૂરી થવાના ચાર માસ પહેલાં કરવાની રહેશે.

(૭) જે જગ્યા પર વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવામાં આવેલ છે તે અંગે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઉટસોર્સથી ભરવાની થતી જગ્યાઓ અંગે સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

- આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સક્ષમ કક્ષાએથી તા.૧૮/૧૨/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, સેકટર-૧૯,ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં:-૪/૩,ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર-વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારૂ

▪શાખા સિલેકટ ફાઇલ

Signature Not Verified
Signed by: H R Doshi
Section Officer
Date: 2023.12.21

File No: SJED/CFO/e-file/17/2022/0002/A Section
Approved By: Deputy Secretary,A-1 Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*